# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", સત્યનગરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ,

તંત્રીશ્રી,

.................................................,

સુરત.

તા. ૦૩/૦૪/૨૦૧૭

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)
મીડિયા કન્વીનર, સુરત

- **દેશના આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સુરતમાં ભવ્યાતિભવ્ય સ્વાગત કરાશે : પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી**
- **કિરણ હોસ્પિટલ તથા સુમુલના બાજીપુરા પ્લાન્ટની મુલાકાત લઈ દિશા નિર્દેશકતા : પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

પાંચ રાજ્યોની ચૂંટણીઓમાં ભવ્ય વિજય પ્રાપ્ત કરાવ્યા બાદ પ્રથમ વખત ગુજરાતના સુરત ખાતે પધારી રહેલા દેશના વિકાસ પુરુષ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સુરતમાં ભવ્યાતિભવ્ય સ્વાગત કરવા માટે પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ કાર્યકર્તાઓને હાંકલ કરી છે.

આગામી તા. ૧૭મી એપ્રિલના રોજ સુરત ખાતે દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી કાર્યક્રમ અંતર્ગત પધારી રહ્યા છે. જેના આયોજન સંદર્ભે કાર્યક્રમ આયોજકશ્રીઓ તથા ભાજપ–સુરત મહાનગરના પદાધિકારીશ્રીઓ સાથે ભાજપ પ્રદેશ

અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી અને પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહ પરમારે આજરોજ બેઠક યોજી હતી. સાથે જ સુરત શહેરના ભાજપના તમામ વોર્ડના પ્રમુખશ્રીઓ/મહામંત્રીશ્રીઓ તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિઓની "પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના ખાતે બેઠક યોજી હતી.

બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ તમામ કાર્યકર્તાઓને દેશના વડાપ્રધાન અને પાર્ટીના અગ્રણી નેતા આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વાગત સુરત ખાતે ભવ્યાતિભવ્ય થાય એ પ્રકારનું આયોજન કરવા કાર્યકર્તાઓને હાંકલ કરી હતી તથા સમગ્ર કાર્યક્રમમાં સફાઈ ઝુંબેશ ઉપર સૌથી વધુ ભાર રાખવા જણાવ્યું હતું.

પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમારે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ભવ્ય સ્વાગત કઈ રીતે કરી શકાય એ માટે તમામ કાર્યકર્તાઓ પાસેથી વિચારો અને સૂચનો માંગ્યા હતા. જેમાં સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ અને કાર્યકર્તાશ્રીઓ તરફથી વિવિધ સૂચનો મળ્યા હતા. જે મુજબ સમગ્ર રૂટ ઉપર વિવિધ થીમ, રાષ્ટ્રના મહાપુરુષોની વેશભૂષા, વિવિધ પ્રાંતના લોકો પોતાના પહેરવેશની ઝાંખી, માનવ સાંકળ, પાંચ હજારથી વધુ બાઈકસવારો સાથે રેલી, વિવિધ સ્વાગત પોઈન્ટ, બે હજારથી વધુ બહેનો–દિકરીઓ માથે કળશ લઈને જોડાશે, તમામ વોર્ડ વિસ્તારોમાં આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વાગત કરતા બેનરો લગાવવા સહિતના વિવિધ પ્રકારની તૈયારીઓ કરવામાં આવી છે.

ભાજપ–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ કાર્યક્રમને સફળ બનાવવા આજથી જ સૌ કાર્યકર્તાઓને કામે લાગી જવા જણાવ્યું હતું તથા તમામ ધારાસભ્યોએ તમામ વોર્ડમાં આ માટે તાત્કાલિક કાર્યાલય ખોલી લેવા અને તમામ લોકો સાથે સંકલન કરી દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવા આહ્‌વાન કર્યુ હતું.

આગામી ૧૭મી એપ્રિલના રોજ જે કિરણ હોસ્પિટલનું આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ઉદ્‌ઘાટન થવાનું છે તે સ્થળની માન. પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ આજરોજ મુલાકાત લીધી હતી. સ્થળ મુલાકાત બાદ પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ

વાઘાણીએ જણાવ્યું કે સુરત અને તેની આસ–પાસની જનતાને આધુનિક આરોગ્ય સેવા મળી રહે એવા શુભ હેતુથી તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટને આ જમીન આપી હતી અને આજે ૧૭૦૦૦ ચો.વાર જમીન ઉપર આ અતિઆધુનિક વૈશ્વિક કક્ષાની હોસ્પિટલ ઉભી થઈ છે. એર એમ્બ્યુલન્સની સુવિધા ધરાવતી આ કિરણ હોસ્પિટલ રાજ્યની પ્રથમ હોસ્પિટલ છે. આ હોસ્પિટલની જગ્યાનું ખાતમૂહુર્ત તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ હતું અને હવે ઉદ્‌ઘાટન પણ તેમના હસ્તે થવા જઈ રહ્યું છે. આમ નરેન્દ્રભાઈના શાસનમાં વિકાસની કેડી અવિરત પણે ચાલી રહી છે. આ તબક્કે માન. પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ હોસ્પિટલના ટ્રસ્ટીઓ અને દાતાશ્રીઓનો આભાર માની અભિનંદન પાઠવ્યા હતા.

સુમુલના નવનિર્મિત અતિઆધુનિક કેટલ ફીડ પ્લાન્ટ, સંપૂર્ણ ઓટોમેટીક આઈસ્ક્રીમ પ્લાન્ટ તથા વિવિધ પ્રોજેક્ટના નિર્માણ, શિલાન્યાસ તથા ઉદ્‌ઘાટન આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે થવાનું છે. હોસ્પિટલની મુલાકાત બાદ પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી તથા પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહ પરમારે સુમુલ ડેરીના બાજીપુરાના આ સ્થળની મુલાકાત લીધી હતી. આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને આવકારવા, સાંભળવા તેમની એક માત્ર ઝલક જોવા માટે ખૂબ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેવાના છે ત્યારે તે માટેની યોગ્ય વ્યવસ્થા કરવા માટે પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ સભાસ્થળની મુલાકાત લઈ વ્યવસ્થાપકોને યોગ્ય દિશા નિર્દેશ કરી માર્ગદર્શન આપ્યું હતું.

''પંડિત દીનદયાળ ભવન'', ભાજપ કાર્યાલય, ઉધના ખાતે યોજાયેલ બેઠકમાં પ્રદેશ મંત્રી શ્રીમતી દર્શિનીબેન કોઠીયા, ગુજરાત સરકારના સંસદિય સચિવ શ્રી પૂર્ણેશભાઈ મોદી, વિધાનસભાના દંડક શ્રી અજયભાઈ ચોકસી, નવસારીના સાંસદ શ્રી સી.આર. પાટીલ, સુરતના સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા સહિત તમામ ધારાસભ્યશ્રીઓ, મહામંત્રીશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ તથા કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.